

# પાયલ ખોવાઈ ગઈ



આર્ચ પ્રકાશન

પ્રારંભિક બાળ શિક્ષણ શ્રેણી અંતર્ગત (વાંચન સ્તર ૩)

# પાયલ ખોવાઈ ગઈ




પાયલ જેલમાં બંધ છે.



પાયલ બોર ખાઈ રહી છે.



પાયલ મોર ઉપર બેઠી છે.



લસરપટ્ટી પર શોધી.



પાયલ હાથી
ઉપર બેઠી છે.

'મુસ્કાન'માં બાળકોની અભિવ્યક્તિને વધારવા માટે વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. એક વાર ૬ થી ૮ વર્ષના બાળકોની સામે આ પરિસ્થિતિ મુકવામાં આવી કે એવું વિચારો કે તમારી મિત્ર પાયલ ખોવાઈ ગઈ છે. તમને શું લાગે છે કે તે ક્યાં હોઈ શકે ? બાળકોએ ત્રણ–ત્રણ, ચાર–ચારના જૂથમાં બેસીને વિચાર્યું અને ચિત્ર પણ બનાવ્યા કે ક્યાં ક્યાં શોધવા ગયા અને તેમના મતે તે ક્યાંથી મળી. તેમની વાતોને શિક્ષકોએ ચિત્રની સાથે નોંધી લીધી.

આ પુસ્તિકા બાળકોની આ જ બધી અભિવ્યક્તિઓની એક મિલીઝુલી વાર્તા છે. અહીં બાળકોની વાતો અને કેટલાંક ચિત્રો પ્રસ્તુત કરી રહ્યા છીએ. એમાંથી તમને આ બાળકોનાં જીવનની વાસ્તવિકતા, સંસ્કૃતિ અને તેમના વિચારોની કેટલીક ઝલક મળે છે.



# પાયલ ખોવાઈ ગઈ

**વાર્તા**

મંજના, આનમ, રંગેસપાલ, દીપૂ, નિતિષા, બીનોતા, મીનાસિંગ, કુમકુમ, વિનોદ, સુરેન્દ્ર, ભાનુરાજ, દીલબરસ, આસિફ, પ્રદ્યામણી, રાજા, રાજવીર, દિયા, સવિતા સોહિત, શશિકલા, મહીન મિર્ઝા અને શિવાની તનેજા

**કલા**


કનક શશિ


## આર્ચ વિષે :

વાંચતા શીખી રહેલા અથવા તો તાજું જ શીખેલા બાળકો માટે, તેમના ભાવ વિશ્વને આકર્ષિત કરતું બાળ સાહિત્ય મોટા પ્રમાણમાં હોવું જરૂરી છે. એ માટે તો જેમાં ચિત્રોની ભરમાર હોય અને રસપ્રદ ઝીણવટભરી રજૂઆત હોય તેવી વાર્તાઓથી વિશેષ શું?


સારી ચિત્રવાર્તા ઘણીવાર જિંદગીભર માટે બાળકોની દોસ્ત બની જાય છે. પ્રારંભિક વર્ષો દરમ્યાન આવું બાળ સાહિત્ય મૂળ ગુજરાતી ઉપરાંત હિન્દી–અંગ્રેજીનાં સમૃધ્ધ ખજાનામાંથી બાળકો સમક્ષ મૂકવા અને બાળકોની ભાષા સમૃધ્ધ કરવાના એક પ્રયત્નરૂપે આ પુસ્તિકા : 'પાયલ ખોવાઈ ગઈ'.

પાયલ ખોવાઈ ગઈ છે. બધાં તેને શોધી રહ્યા છે.
સંજલી બોલી, ‘‘અરે, કાલે સાંજે તો એ તસ્વીરની સાથે દોરડા પર ચાલતી હતી.
તેની સાથે ન્યુ માર્કેટમાં ખેલ બતાડવા ગઈ હશે.’’






“ના, આજે તો મારી મા અને
બહેન જ ગયા છે.”
ચબૂતરે બેસી ઢોલ કસ્તા તસ્વીર બોલ્યો.
“પાયલ તો એમની સાથે નથી ગઈ.”



કુમકુમને વિચાર આવ્યો, ‘‘મેં સિમરનને
સિનેમાઘર બાજુએ વીણતાં જોઈ હતી.
પાયલ જરૂર તેની સાથે કબાડીને ત્યાં
સામાન છૂટો પાડવા ગઈ હશે.
પાક્કી દોસ્તી છે બંનેની.’’





ત્યાં શોધવા ગયાં, જોયું તો સિમરન
તો સામાન વેચીને સેવ-મમરા ખાતી હતી.
પાયલ તેની સાથે ન હતી.




ત્યારે લખાને યાદ આવ્યું. તે કહે, ''સવારે લાઈટવાળો આવ્યો હતો. અન્નાનગરમાં જાન જવાની હતી. પાયલ પણ લાઈટ ઊંચકવા ગઈ હશે.''

રજનીએ જણાવ્યું, ''લાઈટવાળાને તો લાઈટ ઊંચકવા આઠ જ માણસો જોઈતા હતા. પાયલ તેની સાથે નથી ગઈ.''






મીનાસિંગ બોલ્યો, ‘‘એક વાર ઘરે પણ
જોઈ લઈએ. કદાચ કોઈ કામમાં
અટવાઈ ગઈ હોય તો. ઘરમાં જોયું
તો અંદર કોઈ ન હતું.




પાયલના ઘરમાં એક કૂતરો રહેતો હતો. પાયલે તેનું નામ અક્ષયકપુર પાડેલું.

મીનાસિંગ અક્ષયકપુરને પાયલ વિશે પુછવા લાગ્યો. અક્ષયકપુરને સવારથી કોઈએ રોટલી પણ આપી ન હતી.

ભૂખ્યો અક્ષયકપુર મીનાસિંગ સામે ભસવા લાગ્યો. મીનાસિંગ લપકીને ત્યાંથી ભાગ્યો.




અમે બધાં તળાવ બાજુ ગયા.
કદાચ ને તે બાપુ સાથે માછલી
પકડવા આવી હોય.




પાણીમાં સલીમચાચાની હોડી હતી.
અને રાકેશમામાની હોડી પણ હતી.
કેટલાંય લોકો માછલીની રાહ જોતાં
ગલ નાખીને બેઠાં હતાં.


દિવસ જ એવો હતો, ના તો તેમના
હાથમાં માછલી આવતી હતી,
ના અમને પાયલનું ઠામ-ઠેકાણું
મળતું હતું.




અમે જંગલમાં ગયાં.
નિરંજના અને સુહાસિની
લાકડીઓનો ભારો બાંધતા હતા.



અમે પણ તેમને કામમાં મદદ કરી.
તેમણે કહ્યું, ''પાયલ તો અહીં
નથી આવી.''




રાજવીરે કહ્યું, ‘‘સ્ટેશને જઈને જોઈએ. બધાંની ઉપર ગુસ્સે થઈને ટ્રેનમાં તો નથી ચઢી બેઠી. બધાં જ એની પાસે કશું ને કશું કામ કરાવતા જ રહે છે.’’




બપોરનાં સમયે સ્ટેશને કોઈ ટ્રેન ઊભી ન હતી. બિપિન તો ઊંઘતો હતો. સાયા બેઠાં-બેઠાં પેપરસોપ અને કિ-ચેઈન ગોઠવી રહી હતી. અકરમ ચાની કિટલી સાફ કરતો હતો.


કોઈએ પાયલને જોઈ ન હતી.



હવે વધારે શોધવાની હિંમત નહોતી રહી.
બધાં ઘરે  પાછા જવા લાગ્યા.
ત્યારે જ આમલીના ઝાડ નીચેથી બૂમ સંભળાઈ,
“કયાંથી આવી રહ્યાં છો તમે બધાં ? આંબલી ચૂસવાના કે.”




બધાં બોલી પડયાં, ‘‘આ જુઓ... આપણે આને કયાં કયાં ના શોધી અને બેનબા તો અહીં પોતાનામાં જ ખોવાયેલા છે.’’



પહેલાં તો સિમરન પાયલની પીઠ ઉપર બેસી ગઈ.
અને કુમકુમ તેના પગ ખેંચવા લાગી.

નસીબાએ તેના થેલામાંથી કંઈક કાઢયું.
પણ બધાંની ધમાચકડી પૂરી જ થતી ન હતી.



આખરે મીનાસિંગને જોરથી ઘાંટો પાડવો જ પડયો, ‘‘ચાલો, હવે જલ્દીથી જન્મદિવસ તો મનાવી લઈએ... નસીબાનો, લખાનો અને મારો... આજનો જ દિવસ તો નક્કી કરેલો. નહીં તો આ કીડીઓ જ આપણી મહેનત ચટ કરી જશે.’’

# પાયલ ખોવાઈ ગઈ

PAYAL KHOVAI GAI


વર્ગમાં પ્રવૃત્તિ : સવિતા, સોહિત, શશિકલા
વાર્તા : મહીન મિર્ઝા અને શિવાની તનેજા
કલા : કનક શશિ

કવર ૨ અને ૩ના ચિત્રો : મંજના, આનમ, રંગેસપાલ, દીપૂ, નિતિષા, બીનોતા, મીનાસિંગ, કુમકુમ, વિનોદ, સુરેન્દ્ર, ભાનુરાજ, દીલબરસ, આસિફ, પ્રદ્યામણી, રાજા, રાજવીર, દિયા



એકલવ્ય દ્વારા હિન્દી ભાષામાં ''पायल खो गई'' નામથી પ્રકાશિત વાર્તાનું
ગુજરાતી સંસ્કરણ : આર્ચ, નચિકેતા ટ્રસ્ટ

Gujarati Translation of the Story book "PAYAL KHO GAI" published in Hindi by Eklavya

પ્રકાશક : એકશન રીસર્ચ ઈન કોમ્યુનીટી હેલ્થ (આર્ચ)
નગારિયા, ધરમપુર, જીલ્લો વલસાડ–૩૯૬૦૫૦.
ફોન : ૯૮૨૫૬૫૧૩૪૧
arch.dharampur@gmail.com, dhruv561947@yahoo.com

પ્રવિણ મિલેનિયમ ટ્રસ્ટ–લંડનનાં સૌજન્ય સહકારથી
પ્રથમ આવૃત્તિ : જૂન ૨૦૨૦, કોપી : ૨૦૦૦
સહયોગ રાશિ : રૂા.૫૫/–
મુદ્રક : માર્ક ક્રિએશન, સુરત, મો.: ૯૯૭૪૦૦૯૨૮૬



CC BY NC ND આ વાર્તાનો ઉપર આપેલ પ્રમાણે ક્રિએટીવ કોમન્સ લાઈસન્સ અંતર્ગત બિન–વ્યાવસાયિક શૈક્ષણિક હેતુ માટે મફત વિતરણ માટે ઉપયોગ કરી શકાય છે. આવું કરતી વખતે મૂળ સ્ત્રોત રૂપે મુસ્કાન તથા એકલવ્યનો ઉલ્લેખ કરવો તથા સૂચિત કરવું જરૂરી છે. અન્ય કોઈપણ પ્રકારના ઉપયોગ માટે મુસ્કાન તથા એકલવ્યનો સંપર્ક કરવો.


## મુસ્કાન તથા એકલવ્યનું સંયુકત પ્રકાશન


एकलव्य


Eklavya Foundation
Jamnalal Bajaj Parisar, Jatkhedi
Bhopal (MP)
www.eklavya.in
Email: books@eklavya.in

मुस्कान

Muskaan
LIG 174, Harshvardhan Nagar,
Mata Mandir, Bhopal (MP)
www.muskaan.org
muskaan.office@gmail.com



મુસ્કાન વિષે : મુસ્કાન ૧૯૯૭થી ભોપાલની બસ્તીઓમાં(રહેણાંક વિસ્તાર) શિક્ષણ ક્ષેત્રે કામ કરી રહી છે. હાંસિયામાં ધકેલાઈ ગયેલા બાળકો માટે કેવું ઔપચારિક શિક્ષણ અર્થપૂર્ણ થાય કે તેમની પહોંચમાં આવે–એ પ્રક્રિયાની અંદર છુપાયેલા પ્રશ્નો અને ઊભરતા વિચારોને સાકાર કરવા માટે તે વૈકલ્પિક શાળા અને બસ્તીઓમાં શિક્ષણ કેન્દ્ર ચલાવી રહ્યાં છીએ. વંચિત સમુદાયોના બાળકો, યુવકો, મહિલાઓ અને બધાં વયસ્કોની સાથે તેમના અધિકારોની પૂર્તિ કરવા માટે એક ન્યાયપૂર્ણ સમાનતાવાળા સમાજ માટે તે કાર્યરત છે.

એકલવ્ય વિષે : એકલવ્ય એક સ્વૈચ્છિક સંસ્થા છે. તે છેલ્લા ૩૦ વર્ષોથી શિક્ષણ તથા જનવિજ્ઞાનના ક્ષેત્રે કામ કરી રહી છે. એકલવ્યનો મુખ્ય ઉદ્દેશ્ય એવા શિક્ષણનો વિકાસ કરવાનો છે કે જે બાળકોથી અને તેમના પર્યાવરણથી જોડાયેલ હોય; જે રમતો, પ્રવૃત્તિ તથા સર્જનાત્મક પાસાંઓ આધારિત હોય.




ઘરની છત પર શોધી.

નદીમાં પડી ગઈ.




ગાડીમાં માણસે પકડી છે.


બિલ્ડીંગ પાસે વિણતી હતી.



હું ગમાણમાં શોધવા ગઈ તો
ગાય મારવા આવી ગઈ.




કીડીઓને પૂછ્યું તો
કીડીએ મને ચટકો ભર્યો.



સવારથી પાયલ બસ્તીમાં
દેખાઈ રહી નથી.
ક્યાં ગઈ હશે...
ચાલો, તેને શોધવા જઈએ.



પાયલ જંગલમાં મળી.



પાયલ રડી રહી છે.



પાયલ વિચારી રહી હતી કે ક્યાં જાઉં.



મુસ્કાન

સહયોગ રાશિ રૂ.૫૫/-